ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ.૧૦/પી.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૧-૩-૨૦૦૫.

વિષયઃ- નિમણુંક મેળવનાર/ભરતી થનાર માટેની નવી વર્ધિત પેન્શન યોજના લાગુ કરવા બાબત.

રાજ્ય સરકાર તરફથી ૧ લી એપ્રિ-૨૦૦૫ નાં રોજ અથવા ત્યારબાદ નવી નિમણુંક પામનાર નીચે જણાવેલ કર્મચારીઓ માટે દાખલ કરવામાં આવેલી નવી વર્ધિત પેન્શન પધ્ધતિની યોજના (NEW DEFINED CONTRIBUTION PENSION SCHEME) નાણા વિભાગના ઠરાવ નં. નપન/૨૦૦૩/ જીઓઆઇ-૧૦/પી તા. ૧૮-૩-૨૦૦૫ થી અમલમાં મૂકવામાં આવેલ છે.

(૧) પહેલી એપ્રિ-૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ નિમણુંક પામતા તમામ સરકારી તથા પંચાયતના કર્મચારીઓ.

(૨) રાજ્ય સરકારના કર્મચારીઓ સમકક્ષ નિવૃત્તિ લાભો મેળવવા માટે હાલ પાત્રતા ધરાવે છે તેવા બોર્ડ/કોર્પોરેશનમાં નિમાનાર કર્મચારીઓ તથા પેન્શન યોજના લાગુ પડતી હોય તેવી સહાયક અનુદાન મેળવતી સંસ્થામાં પહેલી એપ્રિ-૨૦૦૫ના રોજ કે ત્યારબાદ નિમણુંક પામનાર તમામ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ.

રાજય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ માસિક ઉચ્ચક પગાર નીતિ અન્વયે નિમણુંક પામેલ તથા હવે પછી નિમણુંક પામનાર કર્મચારીઓ કે જેઓ તા.૧-૪-૨૦૦૫ કે તે પછી નિયમિત પગાર ધોરણમાં નિમણુંક પામે તેવા કર્મચારીઓ.

(૩) રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ હેઠળની વિદ્યાસહાયક તેમજ શિક્ષણ સહાયકની યોજના હેઠળ નિમણુંક પામેલ કે પામનાર શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ તેમજ તે યોજના હેઠળ નિમાયેલ પરંતુ તા.૧-૪-૦૫ પછી નિયમિત પગાર ધોરણમાં પગાર મેળવનાર શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ.

આથી તા. ૧-૪-૨૦૦૫ ના રોજ અથવા ત્યારબાદ નવી નિમણુંક પામનાર ઉપર જણાવેલ તમામ કર્મચારી/અધિકારીઓને હાલના વર્તમાન પેન્શનના નિયમો લાગુ પડશે નહીં. તેઓને નવી વર્ધિત પેન્શન યોજનામાં આવરી લેવાના રહેશે.

આપશ્રીની કચેરી/વિભાગ અથવા ખાતા તરફથી તા.૧-૪-૦૫ અથવા તે પછી જે કોઇ ભરતી કરવામાં આવે અથવા કરવાની થાય અથવા અગાઉ જાહેરાત આપવામાં આવેલ હોય તો તે જાહેરાતમાં સુધારો બહાર પાડી ભરતી-નિમણુંકના આ તમામ કારના કિસ્સામાં પણ આ નવી પેન્શન યોજના લાગુ પડશે તે અંગે ખાસ સ્પષ્ટતા કરવાની રહેશે અને તેમ કરવાની જવાબદારી ભરતી કરનાર સંસ્થા/સત્તાધિકારીની રહેશે. નવી વર્ધિત પેન્શન યોજનાના ઠરાવ મુજબ તા.૧-૪-૦૫ પછી થયેલ ઉપર જણાવ્યા માણેના કર્મચારીઓની નિમણુંકના કિસ્સામાં નવી પેન્શન યોજના ફરજિયાતપણે લાગુ પાડવાની રહેશે. જરૂર જણાય તો નાણા વિભાગનો પરામર્શ કરવા નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

શૈલજા પટેલ,
નાયબ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

- રાજ્યપાલશ્રીના સચિવશ્રી.

માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.

બધા જ મંત્રીશ્રી/નાયબ મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

તમામ સંસદ અને વિધાનસભા સદસ્યશ્રીઓ.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, જુના સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડંટ ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.

સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી.

તમામ ખાતાના વડાઓ

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ

સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે તિજોરી અધિકારીશ્રીઓ

} તાબાની કચેરીઓને જાણ કરવાની વિનંતી.

એકાઉન્ટન્ટ જનરલ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા.

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.

નાણા વિભાગની તમામ શાખાઓ (નાણા શાખાઓ સહિત).

સીલેક્ટ ફાઈલ/નાયબ સેકશન અધિકારી, સીલેક્ટ ફાઈલ.

" ક " વહેંચણી.

- પત્ર દ્વારા.